અપીલ અરજી નં.૯૮ તા.૩–૬ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – પ્રમુખશ્રી રફીક સૈયદ
સામાવાળાઃ– ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ પ્રમુખશ્રી રફીક સૈયદની તા.૨૭–૪–૧૧ નીઅરજીથી (૧) ટી.પી.૩૦ ફા.પ્લોટ નં.૧૪૬ માં આવેલ તાજ સોસાયટીમાં પ્લોટ નં.૨૭ ઉપર માર્જીનની જગ્યામાં ગ્રાઉન્ડ વત્તા ૧ માળનું આશરે ૩૦ X ૫૦ નું બાંધકામ કરવામાં આવ્યું છે. તેની વિરૂધ્ધમાં અરજી કરેલ હતી. ઈનવર્ડ નં.૧૫૮૫ તા.૨૮–૧૦–૧૦ તો તે અરજીને ધ્યાનમાં લેવામાં આ વી છે કે નહીં. અને એમાં આગળ શું કાર્યવાહી કરવામાં આવી છે? વિ. મુદ્દા નં. ૧ થી ૫ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૩–૬–૧૧ ની **SMC/FAP/** નં.૯૮/૨૦૧૧–૧૨

પ્રમુખશ્રી રફીક સૈયદની તા.૨૭–૪–૧૧ નીઅરજીથી (૧) ટી.પી.૩૦ ફા.પ્લોટ નં.૧૪૬ માં આવેલ તાજ સોસાયટીમાં પ્લોટ નં.૨૭ ઉપર માર્જીનની જગ્યામાં ગ્રાઉન્ડ વત્તા ૧ માળનું આશરે ૩૦ X ૫૦ નું બાંધકામ કરવામાં આવ્યું છે. તેની વિરૂધ્ધમાં અરજી કરેલ હતી. ઈનવર્ડ નં.૧૫૮૫ તા.૨૮–૧૦–૧૦ તો તે અરજીને ધ્યાનમાં લેવામાં આવી છે કે નહીં. અને એમાં આગળ શું કાર્યવાહી કરવામાં આવી છે? વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતિ આપવા બાબતે ઈ.ચા. ડે.કમિશ્નર અને જાહેર માહિતિ અધિકારી (રાંદેર ઝોન) ના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૧૮૩ તા.૨૪–૫–૧૧ થી આપેલ માહિતિ અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૧૩ તા.૭–૬–૧૧ થી ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુદ્દાવાર કઈ માહિતિ અધૂરી છે અને કઈ માહિતી મળી નથી? તેના સમર્થન સહિત વિગતો મોકલવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈસેલ/આન..૨૦૨ તા.૩–૬–૧૧ ના પત્રથી અરજદારને આપેલ માહિતીનો પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/૧૮૩ તા.૨૪–૫–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૪–૬–૧૧નો પત્ર, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૮૩ તા.૨૪–૫–૧૧ ના પત્રની નકલ તથા અરજદારની મુળ અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૭–૪–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં અરજદારે માહિતી અધૂરી હોવાનું જણાવી તા.૩–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૮૩ તા.૨૪–૫–૧૧ થી માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદાર ના મુદ્દા નં. (૧) ટી.પી.૩૦ ફા.પ્લોટ નં.૧૪૬ માં આવેલ તાજ સોસાયટીમાં પ્લોટ નં.૨૭ ઉપર માર્જીનની જગ્યામાં ગ્રાઉન્ડ વત્તા ૧ માળનું આશરે ૩૦ X ૫૦ નું બાંધકામ કરવામાં આવ્યું છે. તેની વિરૂધ્ધમાં અરજી કરેલ હતી. ઈનવર્ડ નં.૧૫૮૫ તા.૨૮–૧૦–૧૦ તો તે અરજીને ધ્યાનમાં લેવામાં આવી છે કે નહીં. અને એમાં આગળ શું કાર્યવાહી કરવામાં આવી છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી ૩૦ ફા.પ્લોટ નં.૧૪૬ માં આવેલ તાજ સોસા.માં પ્લોટ નં.૨૭ ની ઉત્તરે માર્જીનની જગ્યામાં કરવામાં આવેલ બાંધકામ વિરુધ્ધ તા.૨૮–૧૦–૧૦ ના રોજ કરવામાં આવેલ અરજીને ધ્યાનમાં લેવામાં આવેલ તથા સ્થળ ઉપર ચાલતું બાંધકામ બંધ કરાવવામાં આવેલ. તેવું જણાવેલ. મુદ્દા નં.(૨) ટીપી ૩૦ ફા.પ્લોટ નં.૧૪૬ માં ગાળા ટાઈપ નં.૨૭ નું જે પ્લાન મુકવામાં આવ્યા છે એની સાથેના જરૂરી કાગળ (દસ્તાવેજી) પુરાવા તથા વાધાં વચકા દરેકની કોપી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી ૩૦ ફા.પ્લોટ નં.૧૪૬ માં ગાળા ટાઈપ નં.૨૭ નો જે પ્લાન મુકવામાં આવ્યા છે એની સાથેના જરૂરી કાગળ (દસ્તાવેજી પુરાવા) તથા વાંધા વચકાની નકલ રાંદેરઝોનની કચેરીએ રૂા.૮૦/– ભરપાઈ કર્યેથી આપને મળી શકશે. તેવું જણાવેલ. મુદ્દા નં.૩ ટીપી ૩૦ ફા.પ્લોટ નં.૧૪૬ માં આવેલ ગાળા નં.૨૭ માં જે ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવ્યુ છે તેના માલીકને નોટીસ આપવામાં આવી છે કે શું? જો આપી હોય તો એની કોપી અમને આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી ૩૦ ફા.પ્લોટ નં.૧૪૬ માં આવેલ ગાળા નં.૨૭ માં જે બાંધકામ કરવામાં આવ્યું છે તેના માલિકને રાંદેરઝોનની કચેરીના રેકર્ડની ચકાસણી કરતાં નોટીસ આપેલ હોવાનું જણાતું નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ ટીપી ૩૦ ફા.પ્લોટ નં.૧૪૬ માં આવેલ ગાળા નં.૨૭

માં જે આર્કીટેકટે ખોટો પ્લાન મુકી પ્લાન વિરુધ્ધ બાંધકામ કરેલ છે તેની (આર્કીટેકટ) સામે તથા ઘર માલિક સામે કોઈ પગલા લીધા છે કે નહી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી ૩૦ ફા.પ્લોટ નં.૧૪૬ માં આવેલ ગાળા નં.૨૭ માં જે આર્કીટેકટ પ્લાન મુકી બાંધકામ કરેલ છે તેની સામે તથા ઘર માલિક સામે કોઈ પગલા લેવામાં આવેલ હોવાનું રાંદરેઝોનની કચેરીના રેકર્ડ ઉપર જણાતું નથી. તેવું જણાવેલ છે. મુદૃા નં. ૫ ટીપી ૩૦ ફા.પ્લોટ નં.૧૪૫ માં રીઝર્વેશનની દિવાલ કેમ લેવામાં આવતી નથી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી ૩૦ ફા.પ્લોટ નં.૧૪૫ માં લાગુ ટીપી રસ્તા તરફથી અંશતઃ દિવાલ સુરત મહાનગપાલિકા ધ્વારા બનાવવામાં આવેલ છે બાકી રહેલ દિવાલનું કામ તાજ સોસા.ના રહીશો ધ્વારા ઉઠાવવામાં આવેલ સખત વિરોધના લીધે પુરું થઈ શકેલ નથી તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારને કઈ માહિતી અધૂરી છે અને મળી નથી તેના સમર્થન સહિતની વિગતો મંગાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧૪–૬–૧૧ ના પત્રથી મુદૃા નં.૨ માં જે દસ્તાવેજી પુરાવા માંગવામાં આવ્યા હતાં તે અધૂરી અમને મળેલ છે અમે અગાઉ આ ફાઈલ સંદર્ભમાં ઈન્સ્પેકશન કરેલ હતું ત્યારે ૫૦ પાના હતાં જે અમને મળ્યા નથી. તેથી અમારી માહિતી અધૂરી છે તેવી રજૂઆત કરેલ છે. અરજદારે અપીલ અરજીમાં મુદૃા નં. ૨ અંગે દસ્તાવેજી નકલ ફી રૂા.૮૦/– રસીદ નં.૩૪૮૪૮૬ થી ભરી મેળવેલ જણાય છે.આમ જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારના પક્ષે કયા અને કેટલા પાના અધૂરા મળેલ છે તેનું વિવરણ રજૂ કરેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાય છે. તેમ છતાં અરજદારના પૂર્વે ઈન્સ્પેકશન કરેલ તે પૈકી પૂરા પાના મળેલ નથી તેવી રજૂઆતને અનુલક્ષી અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી બાબત હેઠળની ફાઈલની તપાસણી નિર્દિષ્ટ મુદૃા પુરતું કરવા સ્વતંત્ર છે. જે અંગે કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં ફી અરજદારે ભરપાઈ કરવાની રહેશે. અરજદારની તેવી રજૂઆત થયે હુકમની અમલવારી કરવા ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૭–૨૦૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ...જાણ તથા અમલ માટે .
(૨) પ્રમુખશ્રી રફીક સૈયદ,